પિતૃ મોક્ષાર્થે ધાર્મિક કાર્ય, કથા, યાત્રા અને વૈદીક વિધિ કરવા ઈચ્છતા વ્યક્તિ કે પરિવાર માટે અમૂલ્ય તક...

**યાત્રા ફાઉન્ડેશન - રાજકોટ** દ્વારા આયોજીત **ભારતની સૌથી મોટી**



# ચાર ધામ - ભારત દર્શન તીર્થયાત્રા

# SPECIAL TRAIN

**ટ્રેન Change કર્યા વગર , એક જ ટ્રેન થી સંપૂર્ણ યાત્રા**

**10** શ્રાવણ વદ - ૧ AUG 2025 **થી** **10** ભાદરવા વદ - ૨ SEPT 2025

**32 DAYS - 31 NIGHTS**



yatrafoundation.com

## મોટા કે મહત્વપૂર્ણ નિર્ણય પહેલા પ્રશ્નો થવા એ સ્વાભાવિક છે.

અમે સંપૂર્ણ રીતે સમજી શકીએ છીએ કે આવી વિશાળ અને પ્રીમિયમ સુવિધાઓથી ભરપૂર યાત્રામાં જોડાવું એ એક વિચારપૂર્વક લેવાતો નિર્ણય છે. એથી જ, યાત્રામાં જોડાવાની ઇચ્છા ધરાવતા શ્રદ્ધાળુઓ દ્વારા વારંવાર પૂછાતા તમામ મહત્વપૂર્ણ પ્રશ્નોની યાદી અહીં રજૂ કરી છે. દરેક પ્રશ્નનો વિગતવાર જવાબ આગળના પૃષ્ઠોમાં આપેલો છે.

કૃપા કરીને થોડો સમય કાઢી સંપૂર્ણ વિગતો ધ્યાનપૂર્વક વાંચો, જેથી આગળનો પગથિયું ભરતાં પહેલાં તમને સંપૂર્ણ સમજ, વિશ્વાસ અને શાંતિ મળી રહે.

## FAQ – વારંવાર પૂછવામાં આવતા પ્રશ્નો

તમામ પ્રશ્નોનાં જવાબ આગળના પેજમાં વિગતવાર સમજાવવામાં આવ્યા છે. કૃપા કરીને ધ્યાનપૂર્વક વાંચો.

01. યાત્રા પેકેજનો દર (કુલ ખર્ચ કેટલો થાય ) શું છે ?
02. પેકેજમાં શું શું સામેલ છે ?
03. જમવાની અને રાત્રી રોકાવાની વ્યવસ્થા વિશે માહિતી ?
04. યાત્રા દરમિયાન સ્થાનિક વાહન વ્યવસ્થા છે ?
05. રિફંડ અથવા રદ કરવાની નીતિ શું છે ?
06. કયા-કયા સ્થળો અને તીર્થસ્થળો યાત્રામાં આવરી લેવાયા છે ?
07. કેદારનાથ જવા માટેની વ્યવસ્થા કેવીરીતે છે ?
08. આ યાત્રા કેમ ચુકવી ન જોઈએ અથવા યાત્રાની વિશેષતાઓ શું છે ?
09. યાત્રાનું આયોજન કોણ કરે છે ?
10. આયોજકોનો અનુભવ કેટલો છે ?
11. બુકિંગ અને પેમેન્ટ કેવી રીતે કરવું ?

કૃપા કરીને આગળના પૃષ્ઠોમાં તમામ માહિતી પૂરી વાંચો પછી જ પ્રશ્નો માટે અમારો સંપર્ક કરો.
આ તમારા નિર્ણયને વધુ આત્મવિશ્વાસપૂર્ણ અને સરળ બનાવશે.

## ટીકીટ પેકેજ Price ( એક વ્યક્તિ દીઠ )

**₹ 99,000**
**Sleeper Class**

**₹ 1,45,000**
**3 Tier A.C. Sleeper Class**

**₹ 2,10,000**
**2 Tier A.C. Sleeper Class**

**₹ 2,80,000**
**1st Class A.C. Sleeper**

## બુકિંગ પોલિસી

### બુકિંગ કન્ફર્મ (પાક્કું) કરવા માટે ડિપોઝીટ

- Sleeper Class - ₹ 75,000
- 3 Tier A.C. Sleeper Class - ₹ 1,10,000
- 2 Tier A.C. Sleeper Class - ₹ 1,70,000
- 1st Class A.C. Sleeper - ₹ 2,40,000

**Click here** to watch video of Indian Railways all **AC Sleeper Classes Cach.**

રોકડા ચૂકવનારે ટીકીટ ની રકમ અથવા ડિપોઝીટ જમા કરાવવા માટે રૂબરૂ આવવાનું રહેશે અથવા આંગડીયા/હવાલા દ્વારા "જયદીપ ઢાંકેચા-રાજકોટ" ના નામ થી કોઈપણ વિશ્વસનીય આંગડિયા પેઢીમાં જમા કરાવવા.

UPI / NEFT / RTGS Bank Transfer / Cheque જેવી કોઈપણ પ્રકારની ઓનલાઈન અથવા બેન્કિંગ થી રકમ જમા કરાવવા માટે, ટિકિટની રકમ ઉપરાંત 5% ટેક્સ ચૂકવવો પડશે, તથા GST ક્રેડિટ નો લાભ લેવા માટે, ટિકિટની રકમ ઉપરાંત 18% Tex ની રકમ ચૂકવવી પડશે.

ડિપોઝીટ ભર્યા પછી બાકી રહેતી રકમ, તારીખ : 30/07/2025 પહેલા ભરવી ફરજીયાત છે.

ટીકીટ ની રકમ સંપૂર્ણ ભર્યા પછી જ યાત્રિક ને સીટ નંબર ફાળવવામાં આવશે.

સીટ ની પસંદગી અને ફાળવણી વહેલા તે પહેલા ના ધોરણે રાખેલ છે.

yatrafoundation.com

# ભોજન વ્યવસ્થા ( ટીકીટ પેકેજમાં સામેલ )



**સવારનો નસ્તો :** ખમણ, ઢોકળા / ઇડલી-સાંભાર / થેપલા / પૌવા, તથા ચવાણું વગેરે ફરસાણ, સાથે દુધ / ચા / કોફી.

**બપોરનું ભોજન :**
મીષ્ટાન્ન, રોટલી / પુરી, ૨-શાક, દાળ-ભાત, પાપડ, છાશ.





**સાંજનું ભોજન :**
ભાખરી / પરોઠા, શાક, ખચડી-કઢી / છાશ, પાપડ, સલાડ.

દિવસ દરમીયાન **બે ટાઈમ અલ્પ-આહાર :**
દુધ / ચા / કોફી સાથે ખાખરા / ચેવડો / બીસ્કીટ વગેરે.





**વ્રત ઉપવાસ** માટે
**ફળ-આહાર** ની વ્યવસ્થા કરી આપવામાં આવશે.

ભોજન સંપૂર્ણપણે પવિત્રતા અને શુદ્ધતા જાળવીને બનાવવામાં આવશે.

દરેક યાત્રિકો ને ભોજન Buffet System થી પીરસવામાં આવશે, કોઇ આકસ્મિક સંજોગોના લીધે, અને યાત્રા કાર્યક્રમ ની વ્યવસ્થા જાળવવા માટે, ભોજન પીરસવું શક્ય ન બને ત્યારે, પુરતા પ્રમાણમાં વ્યવસ્થિત રીતે Pack (પાર્સલ) બનાવી ને દરેક યાત્રિકો સુધી પહોચાડવામાં આવશે.


---

*Note : Images used in this brochure are for reference and representational purposes only. Actual arrangements may vary.*

# **રાત્રી રોકાવા માટેની વ્યવસ્થા** ( ટીકીટ પેકેજમાં સામેલ )

**૧૯ રાત્રી ટ્રેનમાં જ રહેશે.**

કારણ : આ યાત્રા માટે સ્પેશ્યલ સંપૂર્ણ સ્લીપર ક્લાસ ટ્રેન છે , દરેક યાત્રિક માટે આરામ દાયક સીટ આપેલ છે , જેથી રાત્રી દરમિયાન મુસાફરી થાય અને દિવસે દર્શન થાય અને ઓછા સમય માં વધુ યાત્રા સ્થાનો ના દર્શન થઈ શકે .




ટ્રેન થી બહાર રાત્રી રોકવાનું

- ૧ રાત્રી કાંચીપુરમ
- ૧ રાત્રી જગન્નાથ પુરી
- ૧૦ રાત્રી - હરિદ્વાર, ઋષિકેશ અને ચારધામ યાત્રા ના રૂટ માં આવતા શહેરમાં રહેશે.
- જેના માટે ટીકીટ પેકેજ ની કેટેગરી પ્રમાણે હોટેલ રૂમ આપવામાં આવશે
- Non AC સ્લીપર ક્લાસ માટે - ચાર વ્યક્તિ દીઠ એક રૂમ (Non AC અથવા AC)
- 3 Tier AC પેકેજ ની ટીકીટ માટે - બે વ્યક્તિ દીઠ એક રૂમ (AC રૂમ)
- 2 Tier AC અને 1st Class AC પેકેજ ની ટીકીટ માટે - બે વ્યક્તિ દીઠ એક રૂમ (AC રૂમ) Premium કેટેગરી ની હોટેલ માં આપવામાં આવશે.

---

ટ્રેન કોચ અને ટોઇલેટ - બાથરૂમ ની નિયમિત સફસાઇ માટે,

દરેક કોચમાં 2-2 (બે) સફાઈ કર્મચારી રાખેલ છે.



---

- દરેક કોચ માં ૨ ટોલેટ અને ૨ બાથરૂમ ની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- કથા સ્થળ પર તથા જમવા માટે ના સ્થળે ટોઇલેટ-બાથરૂમ તથા કપડા ધોવા-સૂકવવા માટે ની વ્યવસ્થા કરેલ છે.
- લોન્ડ્રી સર્વિસ ની પણ વ્યવસ્થા કરેલ છે , **જેનો ખર્ચ અલગથી ચૂકવવાનો રહેશે.**

# વાહન વ્યવસ્થા ( ટીકીટ પેકેજમાં સામેલ )










**તમામ પ્રકાર ની વાહન વ્યવસ્થા**

યાત્રા પેકેજમાં તમામ લોકલ ટ્રાન્સપોર્ટેશન તથા મંદિરો, હેરિટેજ સાઇટ્સ અને દર્શાનિય સ્થળોની એન્ટ્રી ટિકિટો સંપૂર્ણપણે સામેલ છે.

તમારું આરામ, સમય બચાવ અને દરેક સ્થળે સરળ પ્રવેશ સુનિશ્ચિત કરવા માટે, અમે ટિકિટ કલાસ અને મુસાફરીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વાહનોની વ્યવસ્થા કરેલી છે

**ટૂંકા અંતરના પ્રવાસ માટે (10 કિમી સુધી) :** તંગ રસ્તાઓ, ભીડભાડવાળા વિસ્તારો અથવા ખૂબ જ ટૂંકા રૂટ માટે હેચબેક કાર્સ, ટેક્સી, ઓટો-રિક્ષા અથવા ઇ-રિક્ષાનો ઉપયોગ કરવામાં આવશે — જે તમને મંદિર કે સ્મારકના પ્રવેશદ્વાર સુધી શક્ય તેટલી નજીક લાવી દેશે.

**લાંબા અંતરના રોડ મુસાફરી માટે :**

- 1st AC અને 2-ટિયર AC પેકેજ માટે: આરામદાયક અને લવચીક મુસાફરી માટે 5 થી 7 સીટર SUV કાર્સ
- 3-ટિયર AC પેકેજ માટે: 12 થી 17 સીટર લઘુ વાણિજ્ય વાહનો (LCV વાન્સ) અથવા મિની AC બસ
- સ્લીપર ક્લાસ પેકેજ માટે: સ્ટાન્ડર્ડ બસ (સ્થળ અને હવામાન અનુસાર AC અથવા નોન-AC)

**અન્ય સામેલ સેવાઓ :**

- નાવ (હોડી) મુસાફરી, ફેરી ટ્રાન્સફર અને તમામ મંદિરો તથા દર્શાનિય સ્થળોની એન્ટ્રી ટિકિટો અગાઉથી બુક કરાયેલ છે.
- તમારે કોઈપણ સ્થળે ટિકિટ માટે કતારમાં ઊભા રહેવાની જરૂર નથી, દરેક વ્યવસ્થા પહેલેથી જ સુવ્યવસ્થિત અને સુગમ યાત્રા માટે કરી દેવામાં આવી છે.



**સુચારુ સંચાર અને બિનઝંઝટ યાત્રા સુનિશ્ચિત કરવા માટે, દરેક ૨૦ થી ૨૨ યાત્રિકો સાથે એક મેનેજર / નિમિત્ત ગ્રુપ લીડર રહેશે જે સતત માર્ગદર્શન અને સહાય પૂરું પાડશે.**

*Note : Images used in this brochure are for reference and representational purposes only. Actual arrangements may vary.*

# સ્વાસ્થ્ય સુરક્ષા ( ટીકીટ પેકેજમાં સામેલ )



### હેલ્થકેર અને તબીબી સહાય

- યાત્રા દરમિયાન સમગ્ર ટ્રેનમાં અનુભવી ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફની ટીમ હાજર રહેશે.
- જરૂરી દવાઓ અને પ્રાથમિક સારવાર (ફર્સ્ટ એઈડ) સતત ઉપલબ્ધ રહેશે.
- 2-ટિયર અને 1st ક્લાસ AC યાત્રિકો માટે : દૈનિક તબિયત ચકાસણી (હેલ્થ ચેક-ઈન) ડોક્ટરો દ્વારા કરાવવામાં આવશે, જેથી યાત્રા દરમિયાન આરોગ્ય સ્થિર રહે.
- યાત્રા દરમિયાન તમામ યાત્રિકોને યોગ્ય હાઈડ્રેશન માટે શુદ્ધ પીવાનું (મિનરલ) પાણી યાત્રા ટીમ દ્વારા સતત ઉપલબ્ધ કરાવવામાં આવશે.

### સુરક્ષા અને સલામતી

- દરેક કોચમાં બે-બે તાલીમપ્રાપ્ત સુરક્ષા કર્મચારી (ચોકીદાર) નિયુક્ત રહેશે,
- જે યાત્રિકો અને તેમની વસ્તુઓ માટે 24 કલાક સુરક્ષા સુનિશ્ચિત કરશે.
- સ્થાનિક અધિકારીઓ અને રેલવે સુરક્ષા ટીમો સાથે સતત સંકલન રાખવામાં આવશે.



*Note : Images used in this brochure are for reference and representational purposes only. Actual arrangements may vary.*

# યાત્રા માટે જરૂરી વસ્તુ સામાન ( ટીકીટ પેકેજમાં સામેલ )




### યાત્રા એમિનીટી કિટ

દરેક યાત્રિકને ખાસ તૈયાર કરાયેલ યાત્રા એમિનીટી કિટ આપવામાં આવશે, જેમાં સમાવિષ્ટ રહેશે :

- પાણીની બોટલ
- ટૂથપેસ્ટ ટૂથબ્રશ, ટંગ ક્લિનર, સાબુ, શેમ્પૂ, લોશન, બામ વગેરે સહિતનું ટ્રાવેલ ટોયલેટરી સેટ
- પથારી માટે જરૂરી વસ્તુઓ: તકિયો, બ્લેન્કેટ અને ચાદર
- રેઈનકોટ
- પુરુષો માટે ટોપી (ધૂપથી બચવા માટે) અને સ્ત્રીઓ માટે દુપટ્ટો

### લીનન બદલવાની નીતિ

- AC ક્લાસ યાત્રિકો માટે : દરરોજ ચાદર અને તકિયાના કવર બદલવામાં આવશે
- નોન-AC (સ્લીપર ક્લાસ) યાત્રિકો માટે : ચાદર અને તકિયાના કવર દરેક 4માં દિવસે બદલવામાં આવશે.

*Note : Images used in this brochure are for reference and representational purposes only. Actual arrangements may vary.*

# રિફંડ પોલિસી

### રિફંડ અને રદ કરવાની નીતિ

- જો યાત્રાનું આયોજન કોઈ પણ કારણસર આયોજકો દ્વારા રદ કરવામાં આવે છે, તો તમામ નોંધાયેલ યાત્રિકોને 100% રિફંડ આપવામાં આવશે.
- યાત્રિક દ્વારા બુકિંગ રદ કરવા માટેની છેલ્લી તારીખ 30 જૂન ૨૦૨૫ છે. તે પછી યાત્રિક રદ કરવાની મંજૂરી આપવામાં નહીં આવે.
- જો યાત્રિક પોતાની યાત્રા માટે હાજર રહી શકતા ન હોય, તો તેઓ પોતાની બેઠક કોઈ પરિવારજને, સ્નેહી કે મિત્રને પહેલેથી મંજૂરી લઈને ટ્રાન્સફર કરી શકે છે – આ માટે કોઈ વધારાનો ચાર્જ નહીં લેવામાં આવે.
- યાત્રા દરમિયાન અમારી બાજુથી કોઈ ભાગ રદ થાય અથવા વિક્ષેપ આવે, તો અમે નિર્ધારિત તારીખો અને રૂટમાં શ્રેષ્ઠ વિકલ્પરૂપે બીજા સ્થળની યાત્રાની વ્યવસ્થા કરવાનો પૂરો પ્રયાસ કરીશું.
- જો અતિવૃષ્ટિ, કુદરતી આપત્તિઓ કે સરકારશ્રી દ્વારા લગાવવામાં આવેલા નિયંત્રણો જેવી પરિસ્થિતિઓ ઉભી થાય, તો રિફંડ લાગુ નહીં પડે — કારણ કે આ અમારી નિયંત્રણ બહારની બાબતો છે.


(યાત્રા પ્રવાસ શરુ થયા પછી, ઉપરોક્ત શરત મુજબ ની પરિસ્થિતિ સર્જાય ત્યારે  રિફંડ લાગુ નહીં પડે, પરંતુ અધવચ્ચે રોકાયેલી કે રદ થયેલી યાત્રા નું સંતોષકારક વળતર, સમજુતી પૂર્વક યાત્રા ફાઉન્ડેશન પરિવાર તરફથી આપવામાં આવશે.

યાત્રા પ્રવાસ શરુ થયા પહેલા (તા.30/0૬/૨૦૨૫) ઉપરોક્ત શરત મુજબ ની પરિસ્થિતિ સર્જાય તો ૧00% રિફંડ આપવામાં આવશે. અને તા. 30/0૬/૨૦૨૫ પછી અને યાત્રા પ્રવાસ શરુ થયા પહેલા યાત્રા પ્રવાસ રદ્દ થાય તો Railway દ્વારા લેવામાં આવેલ TRAIN FARE સિવાય ની રકમ રિફંડ કરવામાં આવશે. )

# યાત્રા રૂટ નો નકશો

હિમાલયથી રામેશ્વરમ અને દ્વારકાથી જગન્નાથપુરી સુધીના પવિત્ર તીર્થસ્થાનોને આવરી લેતી આપણી આ વિશાળ યાત્રા માટેનો રૂટનકશો અહીં રજૂ કરવામાં આવ્યો છે,

જેમાં યાત્રા દરમિયાન આવતા મુખ્ય ૨૫ રેલવે સ્ટેશન અને 6 મુખ્ય બોર્ડિંગ પોઇન્ટ્સ સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યા છે



**બોર્ડિંગ પોઈન્ટ્સ**

1. રાજકોટ
2. અમદાવાદ
3. વડોદરા
4. સુરત
5. મુંબઈ – વસઈ
6. મુંબઈ – કલ્યાણ

**મુખ્ય રેલવે સ્ટેશનો**

01. નાસિક
02. પંઢરપુર
03. હોસપેટ
04. ઉડુપિ
05. ત્રિશુર
06. ત્રિવેન્દ્રમ
07. કન્યાકુમારી
08. રામેશ્વરમ
09. મદુરાઈ
10. તિરુચિરાપલ્લી (ત્રિચી)
11. કાંચીપુરમ
12. વેલ્લોર
13. તિરૂપતિ
14. રાજમહેન્દ્રવરમ
15. પુરી
16. ગયા
17. વારાણસી
18. પ્રયાગરાજ
19. અયોધ્યા
20. ઋષિકેશ
21. હરિદ્વાર
22. મથુરા અને વૃંદાવન
23. ઉદયપુર
24. ઉજ્જૈન
25. દ્વારકા

# યાત્રા સ્થાનો



**૧૧/૦૮/૨૦૨૫**

**નાસિક :**
ત્ર્યમ્બકેશ્વર જ્યોતીર્લિંગ, રામ ઘાટ, પંચવટી, સિતા ગુફા, કાલા રામ, ગોરે રામ.



**૧૨/૦૮/૨૦૨૫**

**પંઢરપુર :**
શ્રી વિઠ્ઠલનાથજી-રૂકમણી મંદિર, પુંડરીક મંદિર, ચંદ્રભાગા સ્નાન.



**૧૩/૦૮/૨૦૨૫**

**હમ્પી (કીશકીંધા) :**
વિરૂપક્ષેશ્વર મંદિર, વિજય-વિઠ્ઠલ મંદિર, રથ મંદિર ,પંપા-સરોવર, તુંગભદ્રા નદી (કોરાકલ બોટ રાઈડ).



**૧૪/૦૮/૨૦૨૫**

**ઉડુપી :** શ્રીકૃષ્ણ મંદિર, આદિ શંકરાચાર્ય સ્થા. શ્રૃંગેરી પીઠ, શારદંબા મંદિર.



**૧૫/૦૮/૨૦૨૫**

**સાક્ષી ગોપાલ (ગુરુવાયુર) :**
શ્રી કૃષ્ણ મંદિર, થ્રીસ્સુર - શીવ મંદિર, ભગવતી મંદિર.



**૧૬/૦૮/૨૦૨૫**

**ત્રિવેન્દ્રમ :**
શ્રી પદ્મનાભ મંદિર, મહા ગણપતી મંદિર.



**૧૬/૦૮/૨૦૨૫**

**કન્યાકુમારી :**
શ્રી કન્યાકુમારી અમ્મન-મંદિર, સંત તિરૂવલ્લુર સ્ટેચ્યુ, વિવેકનંદ મોરીયલ, કન્યાકુમારી બીચ.



**૧૭/૦૮/૨૦૨૫**

**રામેશ્વરમ્ :**
રામનાથ સ્વામિ મંદિર, સમુદ્ર સ્નાન, ધનુશ કોડી.



**૧૭/૦૮/૨૦૨૫**

**મદુરઈ :**
શ્રી મીનક્ષી મંદિર.



**૧૮/૦૮/૨૦૨૫**

**તરૂચિરાપલ્લી (શ્રીરંગ ક્ષેત્ર) :**
શ્રી રંગનાથ સ્વામિ મં., શ્રી જમ્બુકેશ્વર મંદિર, કાવેરી સ્નાન, **થંજાવૂર** બૃહદેશ્વર મંદિર.



**૧૯/૦૮/૨૦૨૫**

**કાંચિ પુરમ્ (શીવ કાં. – વિષ્ણુ કાં.) :**
શ્રી એકામ્બરેશ્વર મંદિર, શ્રી વિષ્ણુ મંદિર, શ્રી કામક્ષી અમ્મન મં., મહાબલીપુરમ્, પક્ષી તિર્થ



**૧૯/૦૮/૨૦૨૫**

**વેલ્લુર :**
શ્રી લક્ષ્મીનારાયણ - સુવર્ણ મંદિર. (ગોલ્ડન ટેમ્પલ)

# યાત્રા સ્થાનો



**૨૦/૦૮/૨૦૨૫**

**તિરૂપતી (બાલાજી) :**
તિરૂમલ્લા શ્રી વેન્કટેશ્વર મંદિર.



**૨૧/૦૮/૨૦૨૫**

**રાજમુન્દ્રી :**
ગૌતમી ઘાટ,
ગોદાવરી સ્નાન,
શ્રી શ્રી રાધા ગોપીનાથ મંદિર,
મહાકાલેશ્વર મંદિર.



**૨૨/૦૮/૨૦૨૫**

**પુરી :**
શ્રી જગન્નાથજી મંદિર,
ઇન્દ્રદ્યુમ્ન સરોવર,
ગુન્ડીચા મંદિર,
શ્રી સ્વા.મુખ્ય મંદિર.



**૨૩/૦૮/૨૦૨૫**

**કોણાર્ક :** સુર્યમંદિર.
**ભુવનેશ્વર :**
સાક્ષી ગોપાલ,
ધોલાગીરી શાંતી સ્તુપ,
શ્રી લીંગરાજ મંદિર.



**૨૪/૦૮/૨૦૨૫**

**બૌધ્ધ ગયા :**
બ્રહ્મ કુંડ (પીંડ દાન કુંડ),
મહાબોધી મંદિર.



**૨૫/૦૮/૨૦૨૫**

**વારાણસી (કાશી) :**
શ્રી કાશી વિશ્વનાથ મં.,
અસ્સિ ઘાટ,
ગંગા સ્નાન.




**૨૬/૦૮/૨૦૨૫**

**અયોધ્યા :**
શ્રી રામ જન્મભુમી,
હનુમાન ગઢી,
કનક ભવન.



**૨૬/૦૮/૨૦૨૫**

**છપૈયા :**
શ્રી સ્વામિનારાયણ ભગવાન જન્મ સ્થાન,
નારાયણ સરોવર,
મીન સરોવર.



**૨૫/૦૮/૨૦૨૫ પ્રયાગરાજ :**
ત્રીવેણી સંગમ

# યાત્રા સ્થાનો



**૨૭/૦૮ થી ૦૬ /૦૯/ ૨૦૨૫**

**ઋષિકેશ :** ગંગા આરતી, ગંગા સ્નાન, **યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદ્રીનાથ, હરિદ્વાર.**



**૦૬/૦૯/૨૦૨૫**

**મથુરા-વૃંદાવન :**

શ્રી કૃષ્ણ જન્મભુમી,
પ્રેમ મંદિર, બરસાના,
ગોવર્ધન પર્વત,
રામણ રેતી.



**૦૭/૦૯/૨૦૨૫**

**નાથદ્વારા :**

શ્રી નાથજી મંદિર.



**૦૮/૦૯/૨૦૨૫**

**ઉજૈન :**

શ્રી મહાકાલેશ્વર
જ્યોતિર્લિંગ,
ક્ષીપ્રા નદિ.



**૦૯/૦૯/૨૦૨૫**

**દ્વારકા :**

શ્રી દ્વારકાધીશ મંદિર,
બેટ દ્વારકા,
શ્રી નાગેશ્વર જ્યો.

---

**૧૦/૦૯/૨૦૨૫ :** રાત્રે ૮:30 કલાકે યઈત્રા ટ્રેન **રાજકોટ** પરત પહોચશે, રાજકોટ થી અમદાવાદ, વડોદરા, સુરત, અને મુંબઈ સુધી પરત જવા માટે, **બસ, ટ્રેન** અથવા **ફલાઈટ** નું **બુકિંગ** વ્યવસ્થા યાત્રીકોની પસંદગી પ્રમાણે, આયોજક દ્વારા કરી આપવામાં આવશે જેનો ખર્ચ યાત્રીકે ચુકવવાનો રહેશે.

# કેદારનાથ જવા માટે ની વ્યવસ્થા ( ટીકીટ પેકેજમાં સામેલ નથી )

કેદારનાથની યાત્રા એક પવિત્ર અને સૌથી મહત્વપૂર્ણ છે. મંદિર સુધીની અંતિમ મુસાફરી, જે અંદાજે 14 થી 16 કિલોમીટર છે, જેના માટે સામાન્ય વાહન વ્યવસ્થા ઉપલબ્ધ નથી તેથી કેદારનાથ જવા માટે અલગ અલગ ૫ (પાંચ) વિકલ્પ છે .

## ૧. પદયાત્રા , પગપાળા ચાલીને યાત્રા (ટ્રેકિંગ)

- માત્ર શારીરિક રીતે સશક્ત વ્યક્તિઓ માટે.
- આધ્યાત્મિક તથા ધાર્મિક માન્યતા પ્રમાણે સૌથી વધુ મહત્વ.
- નોંધ : પદયાત્રા ની સાનુકૂળતા માટે , વ્યવસ્થિત જૂતા , લાકડી , પીવાના પાણીની બોટલ અને જરૂર પૂરતો જ સામાન સાથે રાખવો.





## ૨. ઘોડા અથવા ખચ્ચર દ્વારા મુસાફરી

- યાત્રિકો જેનું વજન 70 થી 80 કિગ્રા સુધી છે.
- આરામ સ્તર: મધ્યમ
- અંદાજિત ખર્ચ: ₹ 5,500 (સર્વિસ ચાર્જ અને ટ્રાન્સફર સહીત અંદાજિત)
- **નોંધ:** ટ્રેકિંગ માટે યોગ્ય ન હોય અને સસ્તો વિકલ્પ પસંદ કરનારા યાત્રિકો માટે યોગ્ય વિકલ્પ.

## 3. પાલખી (ચાર માણસ દ્વારા ખભે ઉંચકાયેલી)



- વધુ આરામ અને સુરક્ષા માટે – ખાસ કરીને યાત્રિકો જેમનું વજન 80 કિગ્રા કે તેથી વધુ હોય અથવા જેઓને આરોગ્ય સંબંધિત મુશ્કેલીઓ હોય
- અંદાજિત ખર્ચ: ₹ 12,000   આરામ સ્તર: ઊંચો
- નોંધ: આરામદાયક અને સુગમ યાત્રાનો અનુભવ આપે છે – વરિષ્ઠ નાગરિકો અથવા તબિયત નાજુક હોય એવા યાત્રિકો માટે ખૂબ જ યોગ્ય.

*Note : Images used in this brochure are for reference and representational purposes only. Actual arrangements may vary.*

# કેદારનાથ જવા માટે ની વ્યવસ્થા ( ટીકીટ પેકેજમાં સામેલ નથી )



### ૪. પીઠૂ (પોર્ટર / સામાન વહન કરનાર)

- આદર્શ માટે: યાત્રિકો જેનું વજન 60 થી 70 કિગ્રા સુધી છે
- આરામ સ્તર : હળવા વજનના યાત્રિકો કે વયસ્ક વ્યક્તિઓ માટે યોગ્ય
- અંદાજિત ખર્ચ: ₹ 7,500

### ૫. હેલિકોપ્ટર સેવા (મુખ્ય વિકલ્પ તરીકે ભલામણ નથી)



- અંદાજિત ખર્ચ: ₹ 11,500 – ₹ 12,000 (હેલિપેડ અને પરિસ્થિતિ પર આધાર રાખે છે)
- ક્ષમતા અને ઉપલબ્ધતા: મર્યાદિત બેઠક વ્યવસ્થા (દિવસમાં અલગ અલગ 4 હેલિપેડ દ્વારા અંદાજિત 200 યાત્રિકોજ મુસાફરી કરી શકે છે )

**ખાસ નોંધ :**

- હવામાનની અણધારી સ્થિતિને કારણે ઉડાન રદ થવાની શક્યતા ઘણી હોય છે
- અતિબુકિંગને કારણે લાંબી રાહ જોવી પડે છે
- આ વિકલ્પ અનિશ્ચિત હોવાથી ફક્ત તાત્કાલિક જરૂરતમાં જ પસંદ કરવો યોગ્ય
- આરામદાયક લાગે તેમ છતાં, અનિશ્ચિતતા અને મર્યાદિત સેવાને કારણે મુખ્ય વિકલ્પ તરીકે હેલિકોપ્ટર ભલામણપાત્ર નથી.

**અમારી ભલામણ :** હેલિકોપ્ટર સેવાઓમાં વિલંબ અને રદ થવાની ઘટનાઓ ઘણીવાર બને છે. તેથી, આ સેવા ફક્ત ત્યારે પસંદ કરો જ્યારે સમયની તાતી જરૂરિયાત હોય.

મોટાભાગના યાત્રિકો માટે ઘોડો/ખચ્ચર, પાલખી અથવા ટ્રેકિંગ વધુ વિશ્વસનીય અને આધ્યાત્મિક રીતે વધુ અર્થપૂર્ણ વિકલ્પ છે.

**અમારું સહયોગ :** અમે તમારા આરોગ્ય અને પસંદગી મુજબ તમામ વિકલ્પોની વ્યવસ્થા કરીએ છીએ. બુકિંગ અને અન્ય સમન્વય માટે સંપૂર્ણ સહાયતા આપીએ છીએ

**નોંધ:** હેલિકોપ્ટરની બેઠકો મર્યાદિત હોય છે અને ખાતરીથી ઉપલબ્ધ થતી નથી. જમીન માર્ગ દ્વારા યાત્રા વધુ સુરક્ષિત અને સમયસર દર્શન માટે વધુ યોગ્ય વિકલ્પ છે.

અમારા અંગત અનુભવ પ્રમાણે, પાલખી અથવા ઘોડો/ખચ્ચર દ્વારા કરવામાં આવેલી યાત્રા વધુ શાંતિદાયક, સુનિશ્ચિત અને સંયમપૂર્વક પૂરી થાય છે, જેને કારણે યાત્રાનું આધ્યાત્મિક મહાત્મ્ય યથાવત્ રહે છે.

*Note : Images used in this brochure are for reference and representational purposes only. Actual arrangements may vary.*

# આયોજનના હેતુઓ

- ભારત દેશનાં મુખ્ય ચારધામ આદિક પવિત્ર યાત્રાસ્થાનોની યાત્રા કરવાતો જાવું છે,  પણ ...
    - કેવીરીતે જવું ?
    - કોનીસાથે જાવું , ક્યાં રોકાવું ?
    - ત્યાં આપણને ઘર જેવું જમવાનું મળશે કે નહીં ?
- આવી અનેક મુંજવણ અને ચિંતા મુક્ત થઈ યાત્રિકો યાત્રા કરી શકે તથા પોતાના માતા-પિતા , સગા-સંબંધી અને વડીલોને યાત્રામાં મોકલનાર સ્વજનો ને પણ પોતાના વડીલોની ચિંતા ન કરવી પડે.
- યાત્રા પ્રવાસ એ માત્ર મનોરંજન કે મુસાફરી ન બની રહે, પરંતુ દરેક યાત્રાસ્થાનો નો શાસ્ત્રોક્ત મહીમાં, ઈતિહાસ અને માહિતી તથા માર્ગદર્શન પ્રપ્ત થાય, તેમજ કથા-કિર્તન, અને સત્સંગ તથા ભજન-ભક્તિ યુક્ત એક અદભૂત અનુભવ થાય અને આ યાત્રા એ કલ્યાણ યાત્રા બની જાય.
- પિતૃ મોક્ષાર્થે ધાર્મિક કાર્ય, કથા, યાત્રા અને વૈદીક વિધિ કરવા ઈચ્છતા વ્યક્તિ કે પરિવાર, આ સામુહિક આયોજન માં જોડાઈને  પોતાનું ધાર્મિક કાર્ય વિધિવત કરી શકે.

**વિશેષ આયોજન**

પવિત્ર ભૂદેવો (બ્રાહ્મણો) દ્વારા ધાર્મિક વિધિ, પૂજા, અનુષ્ઠાન, સામુહિક આરતી વગેરે આયોજન.



સર્વ પિતૃ મોક્ષાર્થે

**શ્રીમદ્ ભાગવત કથા**

વક્તા : શાસ્ત્રી શ્રી રવિન્દ્રભાઈ જોશી

અહીંયા ક્લીક કરો અને **Subscribe** કરી વક્તા શ્રી ની કથા સાંભળો  Ravindrabhai Katha & Kirtan

# આયોજક નો પરિચય

Reg. No. E12209

**યાત્રા ફાઉન્ડેશન, રાજકોટ**

યાત્રા ફાઉન્ડેશન ભારત સરકારના જાહેર ટ્રસ્ટ અધિનિયમ હેઠળ નોંધાયેલ એક ચેરીટેબલ ટ્રસ્ટ છે (રજિ. નં. E 12209).

અમે કોઈ ધાર્મિક સંસ્થા નથી, પરંતુ એક ઉદ્દેશ્યભર્યું અને સેવાપ્રેરિત સંગઠન છીએ,

અમારી ટીમમાં 150થી વધુ પ્રશિક્ષિત સ્વયંસેવકો અને વ્યાવસાયિકો શામેલ છે જેમામાં કોઓર્ડિનેટર્સ, સુરક્ષા કર્મચારીઓ, કેટરિંગ ટીમો, હાઉસકીપિંગ સ્ટાફ અને વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોનો સમાવેશ થાય છે જેઓ સમગ્ર રાષ્ટ્રીય સ્તરે યોજાતી વિશાળ યાત્રાઓનું આયોજન અને સંચાલન સફળતાપૂર્વક કરે છે.

આ અમારી પહેલી યાત્રા નથી અને છેલ્લી પણ નથી.

વર્ષ 2003 થી 2015 દરમિયાન, અમારી મુખ્ય મેનેજમેન્ટ ટીમે વિવિધ ધાર્મિક સંસ્થાઓમાં સ્વયંસેવક તરીકે કાર્ય કરી સ્પેશિયલ ટ્રેન યાત્રાઓનું આયોજન કરવામાં સ્વયંસેવક તરીકે સક્રિય ભૂમિકા ભજવી છે.

આ જ ઉંડો અનુભવ આજે અમારી કાર્યક્ષમતા અને ભરોસાની મજબૂત પાયેદારી બની રહ્યો છે.

યાત્રા ફાઉન્ડેશનનું વિઝન સ્પષ્ટ છે "દરેક માટે અર્થપૂર્ણ તીર્થયાત્રાને સર્વસુલભ બનાવવી"

આવનારા વર્ષ 2026 માટે અમે ત્રણ નવી, વિશાળ અને અનોખી આધ્યાત્મિક યાત્રાઓના આયોજન માટે આગળ વધી રહ્યા છીએ જે યાત્રાને માત્ર પ્રવાસ નહીં, પણ જીવન બદલનારી અનુભવ બનાવે.

**અમે એવી યાત્રાનો અનુભવ કરાવશું કે,**
**તમે પણ કહેશો ,**
**યાત્રા તો આવી જ હોવી જોઈએ,**
**આટલી ગેરંટી અમારી...**

# બુકિંગ માટે માહિતી અને સંપર્ક

બુકિંગ પ્રક્રિયા સરળ અને પારદર્શક છે. કૃપા કરીને નીચે આપેલા પગલાં અનુસરો :

- QR કોડ સ્કેન કરો અથવા ક્લિક  કરી બુકિંગ ફોર્મ ભરો.
- તમારી વ્યક્તિગત માહિતી,  પસંદ કરેલ ટિકિટ કલાસ અને આરોગ્ય સંબંધિત મૂળભૂત વિગતો ધ્યાનપૂર્વક ભરો જેથી યાત્રા દરમિયાન તમને શ્રેષ્ઠ આરામ અને સહાય પૂરી પાડી શકાય.
- ફોર્મ સબમિટ કર્યા બાદ, અમારી ટીમ તરફથી બુકિંગ કન્ફર્મેશન રસીદ પ્રાપ્ત થશે.
- તમે ડિપોઝિટ પેમેન્ટ તમારા અનુકૂળ સમયે જમા કરી શકો છો.
- સીટ ફાળવણી “વહેલા તે પહેલા” તે પહેલા ના ધોરણે કરવામાં આવશે.
- પસંદગીની સીટ કન્ફર્મ કરવા માટે, પૂરું પેમેન્ટ કરવું જરૂરી છે.
- બુકિંગ પ્રક્રિયા દરમિયાન જો કોઈ મદદની જરૂર હોય, તો અમારી સહાયક ટીમ તમારું માર્ગદર્શન કરશે.

**BOOKING FORM**

**Scan this QR Code**
**Otherwise Click here**

Banking Details :

**YATRA FOUNDATION RAJKOT**

Acoount No. 50200110425732

IFSC : HDFC0000661

+91 9099999636 | 9726697626

A-301 Imperial Heights, 150-ft Ring Road, Rajkot, Gujarat - 360001

yatrafoundation_official

Yatra Foundation